જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૧૨/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૨૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૨૮	૦	૧૧૭૨૮	૧૭૮૩૮	૦	૧૭૮૩૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૩	૧	૧૨૪	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૫૫૮	૨૨	૭૪૫૮૦	૭૫૬૬૬	૨૪	૭૫૬૯૦
કુલ		૯૧૧૪૨	૨૩	૯૧૧૬૫	૧,૦૦,૧૮૩	૨૪	૧,૦૦,૨૦૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૩૫	૪,૫૦,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૪૫	૨,૪૫,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ખાડીયા પોલીસ સ્ટેશન :

વ્હીકલ ચોરીના આરોપીને પકડી ગુનાનો ભેદ ઉકેલતી ખાડીયા પોલીસ

મહે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૩ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “ઇ” ડીવીઝન નાઓએ મિલ્કત સંબધીત ગુનાઓ બનતા અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ કરેલ હુકમ મુજબ પો.ઇન્સ.શ્રી પી.ડી.સોલંકી સાહેબ ખાડીયા પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન અને સુચના હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ ઇન્સ. આર.એચ.દેસાઇ તથા મ.સ.ઇ.મહેશકુમાર શંકરભાઇ તથા અ.હેડ કોન્સ. માલજીભાઇ નાથુભાઇ તથા અ.પો.કો. જગદીશભાઇ જેઠાભાઇ તથા અ.પો.કો. મુકેશભાઇ મંગાભાઇ તથા અ.પો.કો. ધ્રુવરાજસિંહ અશોકસિંહ તથા અ.પો.કો. પ્રદિપસિંહ રોહીતસિંહ તથા અ.પો.કો.કાજલબેન ઇશ્વરભાઇ તથા અ.પો.કો. પ્રકાશભાઇ લવજીભાઇ નાઓ સાથે અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાડીયા જુની ગેટ પાસે રોડ ઉપર આવતા સાથેના અ.પો.કો. જગદીશભાઇ જેઠાભાઇ તથા અ.પો.કો. પ્રકાશભાઇ લવજીભાઇ નાઓએ સયુક્ત રીતે મળેલ બાતમી હકીકત આધારે આરોપી મો.મુશરફ સિદ્દીકભાઇ મંસુરી ઉ.વ. ૧૯ રહે. મ.નં. ૨૫૨૬ સુલ્તાન મહોલ્લો દરીયાપુર પોલીસ સ્ટેશનની પાછળ વાઘરીવાસ પાસે દરીયાપુર અમદાવાદ શહેરનાને ખાડીયા પોલીસ સ્ટેશનના ગુ.ર.નં **૧૧૧૯૧૦૦૫૨૧૧૪૦૬ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબના** કામે ચોરીએ ગયેલ સુઝુકી બર્ગમેન ટુ વ્હીલર કાળા કલરની કિંમત રૂપિયા ૨૫૦૦૦/- ના મત્તાના સાથે પકડી તા. ૦૫/૧૨/૨૦૨૧ ના કલાક ૧૫/૩૦ વાગે અટક કરવામાં આવેલ તેમજ સદરી આરોપીની વધુ પુછપરછ દરમ્યાન આ કામના આરોપીએ તેના મિત્ર કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર સાથે મળી ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન તથા દાણીલીમડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પણ અન્ય બે વાહન ચોરીના નીચે મુજબના ગુનાઓ આચરેલ હોવાની કબુલાત કરતા નીચે મુજબના ત્રણ વાહન ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલી સારી કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ખાડીયા પોલીસ સ્ટેશન ગુ.ર.નં ૧૧૧૯૧૦૦૫૨૧૧૪૦૬ ધી ઇ.પી.કો.કલમ ૩૭૯, ૧૧૪

(૨) ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૨૧૨૧૧૭૦૩ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯

(૩) દાણીલીમડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૧૦૧૨૨૧૧૫૬૯ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૨૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૩૪ લીટર દેશી દારૂ, ૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧૯૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૧૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૨૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૨૩૦/૨૦૨૧**

નવરંગપુરાઃ સાજીદહુસેન બશીરએહમદ મલેક (ઉ.વ.૪૪) (રહે. મીમ રેસીડેન્સી અંબર ટાવર સામે ટી.પી-૮૫ રોડ સરખેજ) એ તા.૦૭/૧૨/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૬/૨૦૨૦ થી તા.૩૧/૦૧/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા આશ્રમ રોડ એચ.કે.કોલેજ પાસે વિજય સેલ્સ સામે ચીનુભાઇ ટાવર ખાતે આરોપી (૧) મુકેશભાઇ પરમાર (ઓફીસ-ચીનુભાઇ ટાવર, વિજય સેલ્સ સામે, એચ.કે.કોલેજ પાસે આશ્રમ રોડ નવરંગપુરા) (૨) વિનોદભાઇ પટેલ (ઓફીસ-બીજો માળ, લક્ષ્મી પેલેસ શ્રીજી ડેરી પાસે મણીયાસા સોસાયટી ગેટ નંબર-૨ સામે મણીયાસા મણીનગર) એ ભેગા મળી સાજીદહુસેન મલેકને મકાન ઉપર મોર્ગેજ લોન કરાવી આપવાની લાલચ આપી વિશ્વાસમાં લઈ સાજીદહુસેન મલેક પાસેથી પ્રોસેસ પેટે ટુકડે-ટુકડે રોકડ તથા ગુગલ-પે મારફતે કુલ રૂપિયા ૨,૯૯,૮૦૦/- મેળવી લઇ મકાન ઉપર મોર્ગેજ લોન પાસ નહી કરાવી તેમજ આપેલ રૂપિયા પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એચ.કાઝી ચલાવે છે.

પાલડીઃ ચાંદની ડો/ઓ વિજયભાઇ શાહ (ઉ.વ.૨૪) (રહે.મહાસાગર ફ્લેટ બ્રહ્મ ક્ષત્રિય સોસાયટી વિભાગ-૨ પી.ટી.કોલેજ બસ સ્ટેન્ડ સામે પાલડી) એ તા.૦૭/૧૨/૨૦૨૧ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૮/૨૦૨૧ ના રોજ મોબાઈલ નંબર ૯૫૮૩૭૧૫૬૦૬ અને ૭૮૭૩૯૭૪૦૫૯ ના ધારકે ચાંદની શાહને ફોન કરી “નોકરી ફ્લાય ડોટ કોમ” માંથી વાત કરતા હોવાની ઓળખ આપી નોકરી અપાવવાની વાત કરતા, ચાંદની શાહે નોકરી મેળવવાની વાત કરતા તેમને naukrifly.com ની લીંક મોકલી, જેમાં ફોર્મ ભરાવી ચાંદની શાહના બેંકના બે ડેબીટ કાર્ડની માહીતી મેળવી લઈ ચાંદની શાહના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૦૬,૯૯૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.કે.દવે ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૨૨૩૧/૨૦૨૧**

રાણીપઃ ભદ્રેશભાઇ કિરીટભાઇ પટેલ (રહે.ધનશ્યામનગર એપાર્ટમેન્ટ કલ્પતરૂ ફ્લેટની બાજુમાં ઉમિયાનગર સામે નવા વાડજ) એ તા.૦૭/૧૨/૨૦૨૧ ના રોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૨/૨૦૨૧ રાતના ૮/૩૦ થી તા.૦૭/૧૨/૨૦૨૧ કલાક ૭/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન રાણીપ સિધ્ધી વિનાયક શોપીંગ એવન્યુમાં આવેલ "રાજ બાઇક્સ" નામની પોતાની દુકાનના શટરના તાળા ડુપ્લીકેટ ચાવીથી ખોલી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી ૨૦ બંડલ પતંગ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એસ.ગોહેલ ચલાવે છે.

કાગડાપીઠઃ શંકરલાલ વાલજીભાઇ પરમાર (રહે. સંત રોહીદાસની ચાલી વિભાગ-૨ એએમટીએસ વર્કશોપ પાછળ બહેરામપુરા) એ તા.૦૭/૧૨/૨૦૨૧ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૧૨/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૦૭/૧૨/૨૦૨૧ કલાક ૫/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૪,૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૭,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એ.જાડેજા ચલાવે છે.

ટ્રેઈનની અડફેટમાં આવતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૨૩૨/૨૦૨૧**

મણીનગરઃ વિજયકુમાર નિલકંઠ દિવટે (ઉ.વ.૬૧) (રહે. સોમા ટેક્ષટાઇલ મીલની ચાલી રખિયાલ રોડ અજીતમીલની બાજુમાં રખિયાલ) તા.૦૬/૧૨/૨૦૨૧ રાતના ૯/૩૫ વાગ્યા પહેલા મણીનગર પશ્ચીમ રેલ્વે ફાટક નંબર-૩૦૮ પોલ નંબર.૪૯૧/૨૨A નજીક ટ્રેઈનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે મણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૨૨૩૩/૨૦૨૧**

સાબરમતીઃ પ્રદીપ ઉર્ફે સાવન પ્રહલાદભાઇ સોલંકી (ઉ.વ.૧૫) (રહે. પંજાબીની ચાલી ગાંધીવાસ-૨ સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૨/૨૦૨૧ બપોરના ૨/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હર્ષદકુમાર ચંદુલાલ ચલાવે છે.

કૃષ્ણનગરઃ રાહુલ શંકરભાઈ રાઠોડ (ઉ.વ.૨૪) (રહે. બંગલા એરીયા કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૨/૨૦૨૧ સાંજના ૫/૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતમાં પાઈપ સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.સાકરીયા ચલાવે છે.

મેઘાણીનગરઃ સંદિપ સુદામા યાદવ (ઉ.વ.૧૯) (રહે. ડીફેન્સ કોલોની ગલી નંબર-૨ ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૨/૨૦૨૧ સાંજના ૫/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી લક્ષ્મણભાઈ અભાભાઈ ચલાવે છે.

બાપુનગરઃ સની સ/ઓ મનોજભાઇ ગુર્જર (ઉ.વ.૩૨) (રહે. આનંદ ફ્લેટ મંગલમ ફ્લેટ સામે બાપુનગર) એ બીમારીથી કંટાળી તા.૦૭/૧૨/૨૦૨૧ સવારના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.